ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### રેશનિંગ દુકાનદારો પર સરકારી અનાજ માટે CBDC કરાવવા દબાણ

## ચૂંટણીઓ પૂર્ણ થતા જ સરકાર ફરી જાગી

**સીબીડીસી** અમલ માટે રાજ્યભરના 17 હજાર રેશનિંગ દુકાનદારોમાં અસંતોષ

(પ્રતિનિધિ) સંખેડા, તા.22

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ હવે પુરવઠાખાતાના અધિકારીઓનું રેશનિંગ દુકાનના સંચાલકો પર દબાણ વધી ગયું છે. એનએફએસએ હેઠળ સરકારી અનાજ મેળવતા રેશનકાર્ડ ધારકો માટે સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (સીબીડીસી) યોજનાના અમલ માટે દુકાનદારોને એક પણ વધારાનું વળતર નહી ચૂકવ્યા વગર કામગીરી સોંપાતા રાજ્યભરના દુકાનદારોમાં વિરોધ થયો છે.

ગ્રામ્ય કક્ષાએ વીસીઈને એક જ્યારે રેશનિંગ દુકાનદારો પાસે મફતમાં કામ કરાવવા દબાણ રેશનકાર્ડ માટે રૂા. ૨૦ ચૂકવાશે રેશનિંગ દુકાનમાંથી અનાજ મેળવતા ગ્રાહકોને કેટલું અનાજ મળશે અથવા મળી રહ્યું છે તેની વિસ્તૃત જાણકારી માટે અગાઉ ઈ કેવાયસી પ્રક્રિય બાદ હવે રાજ્ય સરકાર નવી સિસ્ટમ સીબીડીસીનો અમલ કરવા જઈ રહી છે. આ કામગીરી માટે પંજાબ નેશનલ બેંક સાથે જોડાણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સીબીડીસી માટે લાભાર્થીઓને ઓનબૉર્ડિંગ કરવા માટે ગ્રામ્ય કક્ષાએ કામ કરતા વીસીઈ (બિઝનેશ કોરસસ્પોન્ડન્ટ)માટે એક એકશનકાર્ડની નોંધણી માટે રૂા.૨૦ વેતન ચૂકવવાનું નક્કી



કરવામાં આવ્યું છે.

જ્યારે રેશનિંગ દુકાનદારોને પણ આ કામગીરી કરવા માટે જણાવાયું છે પરંતુ તેના માટે કોઈ રકમ નહી ચૂકવવામાં આવે તેમ સ્પષ્ટ કરતા રાજ્યભરના રેશનિંગદુકાનદારોમાં વિરોધ ઊભો થયો છે. રાજ્યના દરેક જિલ્લાના એસોસિએશનના પ્રમુખ દ્વારા સરકાર દ્વારા કરાતી જબરજસ્તીની કામગીરી માટે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. રાજ્યભરમાં ૧૭ હજાર જેટલી રેશનિંગ દુકાનોના સંચાલકોએ આ મુદ્દે સરકાર સામે બાંયો ચડાવી આગામી દિવસોમાં સરકારને ઉગ્ર રજૂઆત કરવાનુ નક્કી કરવામાં આવ્યું છે. એકને ગોળ બીજીને ખોળ જેવી સરકારી નીતિનો વિરોધ દિવસે દિવસે વધતો જાય છે. ખરેખર રેશનિંગ દુકાનદારોને પ્રોત્સાહન આપવાના બદલે તેમનું જ શોષણ કરવામાં આવી રહ્યું છે.

એફપીએસ સંચાલકોને વળતરનો પરિપત્ર ઈસ્યૂ કરવામાં આવે તેવી માગ રેશનિંગ દુકાનદારો દ્વારા માંગણી કરવામાં આવી છે કે સરકાર અને વિભાગે સીબીડીસીની કામગીરી જો દુકાનદારો પાસે કરાવવાની હોય તો પરિપત્રમાં એફપીએસ સંચાલકોનો ઉલ્લેખ કરવામાં આવે. એમને જે વળતર વીસીઈને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે એ જ રીતે એફપીએસ સંચાલકોને પદા કામગીરીનું વળતર આપવામાં આવે અને દુકાનદારોને કામગીરી કરવા માટે નિમણૂંકપત્ર આપવામાં આવે.

## જબુગામ ખાતે દીપડાના ત્રણ બચ્ચા એક સાથે દેખાતા ગ્રામજનોમાં ફફડાટ

**બચ્ચાઓનો** વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ, આસપાસના ગામોમાં ચર્ચાનો વિષય

(પ્રતિનિધિ) બોડેલી, તા.22

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ ખાતે દીપડાના ત્રણ બચ્ચા એક સાથે દેખાતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર જબુગામ નર્સરી વિભાગની બિલકુલ બાજુમાં ત્રણ જેટલા દીપડાના બચ્ચા જોવા મળ્યા હતા. પાંચ થી છ બચ્ચા હોવાની લોક ચર્ચા પણ સામે આવી રહી છે સ્થાનિક લોકોએ દીપડાના બચ્ચાઓને જોઈ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી સોશિયલ



મીડિયામાં વાયરલ કર્યો હતો. વીડિયો વાયરલ થતાં આસપાસના ગામોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. દીપડાના બચ્ચા જોવા મળતાં લોકોમાં ભય અને ચિંતા ફેલાઈ છે, કારણ કે સામાન્ય રીતે બચ્ચાઓની આસપાસ માદા દીપડી પણ હોવાની સંભાવના રહેતી હોય છે. થોડાક જ દિવસ અગાઉ પાવીજેતપુર તાલુકામાં દિપડા દ્વારા હુમલા થી એક વ્યક્તિને ભારે બીજા થઈ હતી.

જેથી કરીને ગ્રામજનોએ વન વિભાગ પાસે વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરવાની તેમજ લોકોની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવાની માંગ કરી રહ્યા છે. હાલ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

સમગ્ર ઘટનાની જાણ વન વિભાગ ને કરવામાં આવતા વન વિભાગ ના આર એફ ઓ જોશના બેન દ્વારા એવું જણાવવામાં આવ્યું કે ત્યાં તેમને પકડવા માટે પાંજરા મૂકી દેવામાં આવશે અને જરૂરી પગલા પણ ભરવામાં આવશે અને આસપાસના ખેતરો માં રહેતા લોકો ને રાત્રિ દરમિયાન સાવચેતી રાખવા માટે પણ જણાવવામાં આવ્યું હતું.

### શાંતિ સમિતિની બેઠકમાં અધિકારીઓ અને અગ્રણીઓની ઉપસ્થિતિ

## ડભોઈ તાલુકા સેવાસદન ખાતે મહોરમ પર્વ ને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.22

પાછલા નવ વર્ષ થી ડભોઈ માં કોઈ અનિચ્છનીય બનાવ નથી બન્યો. વ્યક્તિગત જગડા ને કોમોનલ રુપ આપવામાં ના આવે તેનું આગેવાનોએ ધ્યાન આપવું પડશે. નગર માં લાઈટિંગ ની વ્યવસ્થા, રોડ રસ્તા ના ખાડા પુરવા સહિત ની મહોરમ પર્વ માં વ્યવસ્થા નું ધ્યાન રાખવા શાંતિ સમિતિ ની યોજાયેલ બેઠક માં ધારાસભ્ય એ સૂચન કર્યા હતા.

ડભોઈ ના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ની અધ્યક્ષતા માં સેવાસદન ખાતે મહોરમ પર્વ ને લઈ શાંતિ સમિતિ ની બેઠક યોજાઈ હતી. મહોરમ પર્વે તાજિયા જુલુસ માં નગર ની



લાઈટિંગ અને કાયદો વ્યવસ્થા, રોડ રસ્તા ના ખાડા ની મરામત કરવાના સૂચનો ધારાસભ્ય ધ્વારા કરાયા હતા. જ્યારે પી.આઈ. એ.ટી.પટેલ ધ્વારા જણાવાયું હતું કે શાંતિ સમિતિ નો અર્થ એ છે કે કોઈપણ પ્રસંગ ને આપણે સામુહિક રીતે શાંતિપૂર્ણ,સૌહાર્દ ના વાતાવરણ માં કોમી એખલાસ અને ભાઈચારા સાથે પાર પાડીએ એ આપણી સૌની સહિયારી જવાબદારી છે. તાજિયા જુલુસ ની પરવાનગી લેવા સાથે ડી.જે. માં ગાઈડ લાઈન નું પાલન કરવા જણાવ્યું હતું. જ્યારે ડભોઈ ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ સઈદભાઈ મનસુરી ધ્વારા રખડતા ઢોર અને વિદ્યુત પ્રવાસ બંધ ના થાય તેનું ધ્યાન રાખવા સૂચન કર્યું હતું.ખખડધજ રોડ રસ્તા, લાઈટ અને રખડતા ઢોર સહિત વીજળી ના નીચા નમી ગયેલા, ઝૂલતા વાયરો ઊંચા કરવાની પણ રજૂઆતો કરાઈ હતી.

## સાધલી પંથકમાં વરસાદી ઝાપટાંથી ગરમીમાંથી રાહત



(પ્રતિનિધિ) શિનોર, તા.22

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામમાં સોમવારે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો હતો. લાંબા સમયથી અસહ્ય ગરમી અને બફારાનો સામનો કરી રહેલા લોકો માટે વરસાદી ઝાપટાં રાહતરૂપ સાબિત થયા હતા.

સાધલી અને આસપાસના વિસ્તારોમાં પવનના સૂસવાટા સાથે વરસાદી ઝાપટાં પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી ભારે ગરમી વચ્ચે વરસાદના આગમનથી લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

વરસાદને પગલે રસ્તાઓ ભીના બન્યા હતા અને ગરમીનું પ્રમાણ ઘટતાં લોકોને આંશિક રાહત મળી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર અચાનક બદલાયેલા વાતાવરણને કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો અને ઠંડકનો અનુભવ થયો હતો.

### ડભોઇના સહયોગ શાક માર્કેટ પાસે બનાવથી લોકોના ટોળા જામ્યા

## શાકભાજી લેવા ગયેલા ગ્રાહકની ઈકો કાર ગામ તળાવમાં પલટી

**રિવર્સમાં** લસરેલી કાર પાળી કૂદી પાણીમાં ખાબકી, ચાલકનો આબાદ બચાવ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.22

ડભોઈના મધ્યમાં આવેલા ઐતિહાસિક ગામ તળાવના કિનારે સ્થિત સહયોગ શાક માર્કેટ નજીક સોમવારે એક ઈકો કાર અચાનક તળાવમાં પલટી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે કારચાલકનો આબાદ બચાવ થયો હતો, જોકે કારને ભારે નુકસાન પહોંચ્યું હતું.

મળતી માહિતી મુજબ, એક ગ્રાહક ઈકો કાર લઈને શાકભાજીની ખરીદી કરવા



સહયોગ શાક માર્કેટ ખાતે આવ્યો હતો. તેણે પોતાની કાર તળાવ તરફના ઢોળાવ પાસે આવેલા ઊંચા ભાગમાં પાર્ક કરી હતી. શાકભાજી ખરીદી બાદ પરત ફરતા કાર અચાનક રિવર્સમાં તળાવ તરફ લસરવા લાગી હતી. કારને અટકાવવા માટે ચાલકે દોડી જઈ દરવાજો ખોલી તેને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાર ઢોળાવ પરથી સીધી તળાવની પાળી કૂદી પાણીમાં ખાબકી પલટી ગઈ હતી.

બનાવની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ડ્રાઈવર સાઈડનો કાચ તોડી કારચાલકને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ કારને નોંધપાત્ર નુકસાન થયું હતું. બનાવને પગલે સ્થળ પર લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને ઘટનાએ ભારે ચકચાર મચાવી હતી.

## પાવીજેતપુરના બામરોલીમાં સિકલ સેલ દર્દીઓ માટે નિદાન કેન્દ્ર શરૂ

(પ્રતિનિધિ) બોડેલી, તા.22

છોટાઉદેપુર જિલ્લાના બામરોલી (વાલોઠી)સ્વામિનારાયણ હોલમાં ડૉ. હેડગેવાર જન્મ શતાબ્દી સેવા સમિતિ અને આરોગ્ય ભારતી-દક્ષિણ ગુજરાત પ્રાંતના સંયુક્ત ઉપક્રમે બપોરે 12 થી સાંજે ચાર સુધી સિકલસેલ એનિમિયા નિદાન કેન્દ્રની શરૂઆત કરવામાં આવી. પથમ દીપ પ્રાગટ્ય કરીને આ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સંઘના ગુજરાત પ્રાંતના કાર્યવાહ શૈલેષભાઈ પટેલ અને જગદીશભાઈ ચાવડા -પ્રાંત સેવા પ્રમુખ મનસુખભાઈ પટેલ -પ્રાંત સહ સેવા પ્રમુખ અને માનનીય વિનયભાઈ ભોશેકર-સંઘચાલકજી વડોદરા વિભાગ અને જયેશભાઈ પંડ્યા- આરોગ્ય ભારતીય દક્ષિણ ગુજરાત



આવી આ કાર્યક્રમમાં છોટાઉદેપુર જિલ્લામાંથી 30 અતિથિ વિશેષ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા સાથે એમડી કક્ષાના 8 ડોક્ટર ઉપસ્થિત રહી સેવા આપી. આ સિકલ સેલ એનિમિયા નિદાન કેન્દ્ર બામરોલી મુકામે દર મહિનાના બીજા અને ચોથા શનિવારે બપોરે 12.00 થી સાંજે 4.00 વાગ્યા દરમિયાન પ્રાથમિક શાળા ઉપર રહેશે. આ કેન્દ્રના ઉદ્ઘાટનમાં આઠ ગામમાંથી 197 ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહી કાર્યક્મ ને સફળ બનાવ્યો.

### ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા હાજર રહેવા નોટિસ અપાઈ

## જાતિ પ્રમાણપત્ર વિવાદમાં છોટાઉદેપુર પાલિકા પ્રમુખને કલેક્ટરની નોટિસ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.22

પ્રાપ્ત સમાચારો મુજબ ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા છોટાઉદેપુર પાલિકા પ્રમુખ ને જાતિ પ્રમાણપત્ર ના કેસ માં 29 જૂને સુનાવણી માં હાજર રહેવા નોટિસ આપવામાં આવી છે.અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્લેષણ સમિતિ દ્વારા પાલિકા પ્રમુખ નું જાતિ પ્રમાણપત્ર રદ્દ કરવા આદેશ થયો છે. કાનૂની નિષ્ણાતો ના અભિપ્રાય અનુસાર આ કામગીરી મામલતદાર છોટાઉદેપુર ને કરવાની ફરજ છે.વિશ્લેષણ સમિતિ ના આદેશ માં પણ તે રીતે જ જણાવ્યું છે.ત્યારબાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા તેઓ ના પ્રમુખપદ અને સભ્યપદ અંગે નિર્ણય કરવા નો થાય છે. હાલ મળતી માહિતી મુજબ કલેક્ટર દ્વારા પાલિકા પ્રમુખ ને નોટિસ આપી 29 જૂને સુનાવણી માં હાજર રહેવા જણાવ્યું છે.

આ નોટિસ મૂળ ફરિયાદી ને આપવામાં આવી નથી જેથી એવું માની શકાય કે જાતી પ્રમાણપત્ર અંગે વિશ્લેષણ સમિતિ એ ફાઈનલ નિર્ણય આપી દીધો છે તેથી તેની કોઈ સુનાવણી ના પણ હોય.માત્ર પ્રમુખપદ અને સભ્યપદ ના નિર્ણય માટે ની નોટિસ હોય શકે. વિશ્લેષણ સમિતિ ના નિર્ણય બાદ ખરેખર વાજબી સમય માં કલેક્ટર પાસે કાર્યવાહી ની અપેક્ષા હોય.આ કેસ માં એક મહિના કરતા વધારે સમય થયા પછી પણ હજી માત્ર સુનાવણીની નોટિસ આપી છે.લોકો માં કલેક્ટર ની ધીમી ગતિ ની કામગીરી અચરજ જગાવે છે.

મૂળ ફરિયાદી ના વકીલ પ્રેસ કોન્ફરન્સ કરે છે અને ઝડપી કાર્યવાહી ની માંગણી કરે છે. વિશ્લેષણ સમિતિ નો નિર્ણય આવી ગયા પછી હજી પણ પ્રમુખ ના હોદ્દા પર ચાલુ વ્યક્તિ જે કોઈ નાણાંકીય કે નીતિવિષયક નિર્ણયો કરશે તેની જવાબદારી ભવિષ્ય માં કોના શિરે આવે તે પણ ચર્ચા નો વિષય છે.

## પીએમ કિસાન સન્માન નિધિનો કાર્યક્રમ બોડેલી APMC ખાતે યોજાયો

**રૂ. 1.03** લાખથી વધુ પરિવારોને રૂ. 20.58 કરોડથી વધુની સહાયનો લાભ

(પ્રતિનિધિ) બોડેલી, તા.22

બોડેલી APMC ખાતે મુખ્યમંત્રી પીએમ કિસાન સન્માન નિધિ કાર્યક્રમ યોજાયો કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ, આગેવાનો, મહિલાઓ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લાના અને તાલુકાના પદાધિકારીઓ, જનપ્રતિનિધિઓ તેમજ વહીવટી અધિકારીઓએ હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ લાભાર્થીઓને યોજનાઓનો લાભ પ્રાપ્ત થાય તે માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરી અંગે માહિતી



આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન લાભાર્થીઓને સહાય અને વિવિધ યોજનાઓના લાભોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જણાવ્યા મુજબ કુલ 1,03,166 પરિવારોને રૂ. 20.58 કરોડથી વધુની સહાય વિવિધ યોજનાઓ અંતર્ગત આપવામાં આવી હોવાનું જણાવાયું હતું.

લાભાર્થીઓના જીવનમાં ગુણાત્મક સુધારો લાવવા માટે સરકાર સતત પ્રયત્નશીલ હોવાનું વક્તાઓએ જણાવ્યું હતું. અંતમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કાર્યક્રમના સફળ આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તથા સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### પ્રાથમિક સુવિધાઓ અને સમસ્યાઓ માટે જિલ્લા કલેક્ટરના દ્વાર ખખડાવ્યા

## વધારાની ફી મુદ્દે છોટાઉદેપુરની ગાયત્રી નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીઓનું ધરણા પ્રદર્શન

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.22

સ્થાનિક ગાયત્રી નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ પ્રશાસન સામે ગંભીર આક્ષેપો સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે. કોલેજમાં પૂરતી પ્રાથમિક સુવિધાઓ ન મળવા, સ્ટાફની અછત અને નિયમ વિરુદ્ધ ઉઘરાવવામાં આવતી વધારાની ફીના વિરોધમાં વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસમાં જ ધરણા પર બેસી ગયા હતા અને સૂત્રોચ્ચાર કરીને હલ્લાબોલ કર્યો હતો. આ અંગે વિદ્યાર્થીઓએ 'આદિવાસી યુવા સમિતિ'ના નેજા હેઠળ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની વહેલી તકે માંગ કરી છે.

વિદ્યાર્થીઓએ મીડિયા અને



વહીવટી તંત્ર સમક્ષ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોલેજ પ્રશાસન દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી મોટી રકમની વધારાની ફી વસૂલવામાં આવે છે. આશ્ચર્યની વાત એ છે કે, આ ફી લીધા બાદ તેની કોઈ સત્તાવાર પાવતી (Receipt) પણ આપવામાં આવતી નથી, જે નાણાકીય ગેરરીતિ તરફ આંગળી ચિંધે છે. આટલી મોટી રકમ ચૂકવ્યા બાદ પણ વિદ્યાર્થીઓને પીવાનું શુદ્ધ પાણી, સ્વચ્છતા કે અન્ય જરૂરી શૈક્ષણિક અને વ્યવહારિક સુવિધાઓ મળતી નથી.

આવેદનપત્રમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે કોલેજમાં વિદ્યાર્થીઓને ભણાવવા માટે પૂરતો શૈક્ષણિક સ્ટાફ જ ઉપલબ્ધ નથી. વળી, જે સ્ટાફ હાલમાં ફરજ બજાવી રહ્યો છે, તે પણ નર્સિંગ કાઉન્સિલના નિયમો મુજબ રજિસ્ટર્ડ કે લાયકાત ધરાવતો નથી. લાયકાત વગરના સ્ટાફને કારણે વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ અને થિયરી શિક્ષણ પર માઠી અસર પડી રહી છે, જે તેમના ભવિષ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં સમાન છે. કોલેજ સંલગ્ન હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓની હાલત પણ દયનીય છે, જ્યાં રહેવા-જમવાની કોઈ યોગ્ય સુવિધા નથી.

## મોહરમ પર્વ શાંતિપૂર્ણ ઉજવવા બોડેલીમાં શાંતિ સમિતિની બેઠક

**હિન્દુ-મુસ્લિમ** સમાજના આગેવાનો અને પોલીસ અધિકારીઓ રહ્યા ઉપસ્થિત

(પ્રતિનિધિ) બોડેલી, તા.22

આવનાર મોહરમ પર્વને શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવવાના હેતુથી બોડેલી પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનો, સામાજિક કાર્યકરો તેમજ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન મોહરમ પર્વ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈપણ પ્રકારની અપ્રિય ઘટના ન બને તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.



પોલીસ અધિકારીઓએ બંને સમાજના આગેવાનોને પરસ્પર સહયોગ અને ભાઈચારો જાળવી રાખી પર્વની ઉજવણી કરવા માટે અપીલ કરી હતી.

આ ઉપરાંત તાજિયા જુલૂસના રૂટ, ટ્રાફિક વ્યવસ્થા, જાહેર સુરક્ષા અને શાંતિ જળવાઈ રહે તે માટે ખાસ ચર્ચા કરવામાં આવી હતી. કોઈપણ પ્રકારની અફવા કે ભ્રામક માહિતી સોશિયલ મીડિયામાં પ્રસારિત ન કરવા તેમજ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો હતો.

### ગ્રામ પંચાયતના સભ્યો, અધિકારીઓ અને ગ્રામજનો રહ્યા ઉપસ્થિત

## જેતપુર ગ્રામસભામાં PMAY-G લાભાર્થીઓની પસંદગી યાદી જાહેર

**વર્ષ** 2024ના સર્વે આધારે લાભાર્થીઓની પસંદગી

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.22

પાવીજેતપુર તાલુકાના જેતપુર ગામે ગ્રામ પંચાયત દ્વારા PMAY-G યોજના અંતર્ગત ખાસ ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતના તલાટીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ ગ્રામ સભામાં વર્ષ 2024 દરમિયાન સર્વે કરાયેલા લાભાર્થીઓની આવાસ યાદી જાહેર કરવામાં આવી હતી.અને ગ્રામજનો દ્વારા ગામ ના વિવિધ પ્રશ્નો ની પણ ચર્ચા કરવામાં આવી હતી.



ગ્રામ સભા દરમિયાન PMAY-G યોજના હેઠળ કુલ 207 આવાસ લાભાર્થીઓના નામોની યાદી જાહેર કરવામાં આવી હતી. યોજનાના લાભાર્થીઓને આવાસ સંબંધિત માહિતી આપવામાં આવી હતી તેમજ યોજનાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન પણ અપાયું હતું.

ગ્રામ સભામાં ગ્રામ પંચાયતના સભ્યો, અધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. યોજનાની પારદર્શિતા જળવાઈ રહે અને લાભાર્થીઓને યોગ્ય માહિતી મળી રહે તે હેતુથી આ ખાસ ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું.